આકાશવાણી, અમદાવાદ

16-11-2025 Midday: 2.30 TO 2.35

Sunday Regional News

## VGRC

બીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો આગામી 8 અને 9 જાન્યુઆરી એ રાજકોટમાં યોજાશે. કચ્છ અને સૌરાષ્ટ્રને કેન્દ્રમાં રાખીને યોજાનાર આ પરિષદોથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વિકાસ, રોકાણ અને નવી તકોને પ્રોત્સાહન મળશે. તેમાં કૃષિ, ખાણકામ, પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસ જેવા મુખ્ય વિષયો પર સેમિનાર યોજાશે. રાજકોટ ખાતે યોજાનાર આ પ્રાદેશિક પરિષદો અગાઉ ડિસેમ્બરમાં 11 જિલ્લા-સ્તરીય કાર્યક્રમોનું આયોજન કરાયું છે. અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરાશે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા યોજાયેલી પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં 3 લાખ 25 હજાર કરોડના પ્રસ્તાવિત રોકાણ સાથે એક હજાર 264 સમજૂતી કરાર- MoU પર હસ્તાક્ષર થયા હતા.

. . . . . . . . .

## NAVSARI BRIDGE

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે આજે નવસારીના બિલિમોરા ખાતે "અંબિકા નદી પર મેજર બ્રિજ"નું ખાતમુહૂર્ત કર્યું. 50 કરોડના ખર્ચે "અંબિકા નદી પર મેજર બ્રિજ"ના ખાતમુહૂર્ત પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ ઉપસ્થિત રહ્યા. તેમણે જણાવ્યું કે, સરકારનો ધ્યેય ગ્રામ્ય તથા આદિવાસી વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ પહોંચાડવાનો છે.

બિલીમોરા અને નવસારી કાંઠા વિસ્તારના અનેક નાગરિકોને આ બ્રિજ ઉપયોગી થશે. આ સાથે તેમણે આવનાર સમયમાં કોસ્ટલ રોડના કામો શરૂ થશે જે આ વિસ્તારના નાગરીકોના વિકાસમા મહત્વનો સાબિત થશે એમ ઉમેર્યું હતું.

. . . . . . . . . . . .

## MANDVIYA GUJARAT

રાજ્યની ચાર દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા આજે ભાવનગર અને સુરતમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ ભાવનગરમાં મોતી બાગ ટાઉનહોલ ખાતે ભારતીય જનતા પાર્ટીની એક બેઠકમાં હાજરી આપશે. ત્યારબાદ શ્રી માંડવિયા સુરત પહોંચશે જ્યાં તેઓ એક ખાનગી હોસ્પિટલ અને IVF સેન્ટરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . .

## UNITY MARCH

દેશના લોખંડી પુરુષ અને રાષ્ટ્રનિર્માતા ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યભરમાં આજે યુનિટી માર્ચ એટલે કે એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજે નવસારી શહેરમાં આદિજાતિ મંત્રી નરેશ પટેલે એકતા પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. આ એકતા પદયાત્રામાં 5 હજારથી વધુ લોકો જોડાયા. જામનગરમાં યોજાયેલી યુનિટી માર્ચમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા સહિત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા. શ્રીમતી જાડેજાએ પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

મહેસાણા જિલ્લાના વડનગરના જાસ્કા ગામથી ઊંઝાના દાસજ ગામ સુધી એકતા પદયાત્રા યોજાઈ જેમાં સાંસદ હરિભાઈ પટેલ તેમજ ઊંઝાના ધારાસભ્ય કિરીટ પટેલ સહિતના મહાનુભાવો જોડાયા.

. . . .

## KAUSHIK VEKARIYA- LOKARPAN

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અંદાજે કુલ ૮૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમરેલીના પીપળલગ ખાતે આંકડિયા-પીપળલગ રોડ સ્ટ્રક્ચરના નવા વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મોટા આંકડિયા ખાતે અનુસૂચિત જાતિ વિસ્તારને જોડતા રોડ પર ૪૦ લાખ રૂપિયાના ખર્ચે સ્ટ્રક્ચર કામગીરીનો પ્રારંભ થયો છે.

રાજ્યમંત્રીએ અંદાજે ૪૧ કરોડ રૂપિયાના ખર્ચે અમરેલી-નાના આંકડીયા-ચિતલ રોડના વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગ કામગીરીનું ખાતમુહૂર્ત કરાયું.

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું કે, જિલ્લામાં વિકાસકામોની યાત્રા અવિરત શરૂ છે. વિવિધ સીસી રોડ સહિતના વિકાસકામો ગુણવત્તાલક્ષી રીતે સમયસર પૂર્ણ થાય તે માટે રાજ્યમંત્રીએ સંબંધિત અધિકારીઓને સ્થળ પર સૂચનાઓ આપી હતી.

. . . . . .

## WEATHER

રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓનું તાપમાન 14 થી 17 ડિગ્રી વચ્ચે નોંધાયું. કચ્છ જિલ્લાનું નલિયામાં ફરી એકવાર સૌથી ઓછું 14 ડિગ્રી જ્યારે રાજકોટમાં 14.5 ડિગ્રી તાપમાન નોંધાયું. અમરેલી તથા વડોદરામાં 15.2 ડિગ્રી, ગાંધીનગરમાં 15.5 ડિગ્રી, તો અમદાવાદમાં 16. 6 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

. . . .

## BANASKANTHA NEW OFFICE

બનાસકાંઠાના પાલનપુર ખાતે અંદાજે 123 કરોડ રૂપિયાના ખર્ચે નવી જિલ્લા કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત ભવનનું નિર્માણ થશે. સોશિયલ મીડિયા સંદેશમાં જિલ્લા કલેકટરે માહિતી આપતા જણાવ્યું કે  હયાત કચેરીઓની જગ્યાએ બે નવી જિલ્લા કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત ભવન બનાવવામાં આવશે. આ આધુનિક ભવનથી નાગરિક સેવાઓ વધુ ઝડપી, સુગમ અને કાર્યક્ષમ બનશે, જેના પરિણામે જનસેવાનો અનુભવ નવી ઊંચાઈએ પહોંચશે.

. . .

## RAJKOT INDIA – AFRICA MATCH

ભારત A અને દક્ષિણ આફ્રિકા A ટીમ વચ્ચે આજે રાજકોટના નીરંજન શાહ સ્ટેડિયમ ખાતે બિનસત્તાવાર બીજી ODI મેચ રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. ભારત તિલક વર્મા અને દક્ષિણ આફ્રિકા માર્કસ એકરમેનની આગેવાનીમાં મેચ રમી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે પહેલી મેચમાં ભારત A ટીમનો 4 વિકેટે વિજય થયો હતો.

. . . . . . .

## COMMONWEALTH BATON

વર્ષ 2026માં ગ્લાસગો ખાતે યોજાનાર રાષ્ટ્રમંડળ રમતોની કિંગ્સ બેટનનું અમદાવાદમાં આગમન થયું છે. રાષ્ટ્રમંડળના મૂલ્યો અને રાષ્ટ્રની ઓળખ ઉજાગર કરતી "ધ કિંગ્સ બેટન રિલે — રોડ ટુ કોમનવેલ્થ ગેમ્સ, ગ્લાસગો 2026" ઈવેન્ટ રાષ્ટ્રમંડળની એકતા, માનવતા, સમાનતા અને નિયતિના સાચા ભાવને ઉજાગર કરે છે.

અમદાવાદમાં 15થી 17મી નવેમ્બર દરમિયાન ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમો થકી કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી રહી છે. પ્રથમ દિવસે ગુજરાત યુનિવર્સિટીથી શરૂ કરીને IIT ગાંધીનગર, સંસ્કારધામ, એલ. જે યુનિવર્સિટી અને વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી હતી. કિંગ્સ બેટન રિલેને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં લંડન ઓલિમ્પિકના કાંસ્ય ચંદ્રક વિજેતા ગગન નારંગ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

. . . .